RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 58 Date: 19.12.2023 Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉમરાહ સ્થિત સ્વર્વેદ મહામંદિરનું ઉદ્‌ઘાટન કર્યું



વારાણસી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશી પ્રવાસના સોમવારે બીજા દિવસે ઉમરાહ સ્થિત સ્વર્વેદ મહામંદિરનું ઉદ્‌ઘાટન કર્યું. ૭ માળનું આ મંદિર ૨૦ વર્ષમાં ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું હતું. પીએમ મોદીએ મંદિરની દિવાલો પર અદભુત કોતરણી જોઈ હતી

પીએમ મોદીએ કહ્યું- સંતોના સાનિધ્યમાં કાશીના લોકોએ સાથે મળીને વિકાસ અને નવીનતાના ઘણા નવા રેકોર્ડ બનાવ્યા છે. કાશીના કાયાકલ્પ માટે સરકાર, સમાજ અને સંતો બધા સાથે મળીને કામ કરી રહ્યા છે. આજે સ્વર્વેદ મંદિરની પૂર્ણાહુતિ એ આ દિવ્ય પ્રેરણાનું ઉદાહરણ છે. આ મહાન મંદિર મહર્ષિ સદાફલ દેવ જીના ઉપદેશો અને ઉપદેશોનું પ્રતિક છે.

મોદીએ કહ્યું હતું કે ગુલામીના સમયમાં ભારતને નબળું પાડવાની કોશિશ કરનારા અત્યાચારીઓએ પહેલા આપણા પ્રતીકોને નિશાન બનાવ્યા. આઝાદી પછી આ સાંસ્કૃતિક પ્રતીકોનું પુનઃનિર્માણ જરૂરી હતું. જો આપણે આપણી સાંસ્કૃતિક ઓળખનું સન્માન કર્યું હોત તો દેશની અંદર એકતા અને આત્મસન્માનની ભાવના વધુ મજબુત બની હોત. પરંતુ, કમનસીબે આવું ન થયું. આઝાદી પછી, સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો પણ વિરોધ થયો હતો અને દાયકાઓ સુધી આ વિચારસરણીએ દેશમાં પ્રભુત્વ જમાવ્યું હતું.

આજે આઝાદીના ૭ દાયકા પછી ફરીથી એકવાર સમયનું ચક્ર ફર્યું છે. દેશ હવે લાલ કિલ્લા પરથી ગુલામીની માનસિકતાથી મુક્તિ અને આપણા વારસા પર ગર્વથી જાહેરાત કરી રહ્યો છે. સોમનાથથી શરૂ થયેલું કામ હવે અભિયાન બની ગયું છે. આજે કાશીમાં વિશ્વનાથ ધામની ભવ્યતા ભારતની અવિનાશી કીર્તિની ગાથા ગાઈ રહી છે.

આજે મહાકાલ મહાલોક આપણા અમરત્વનો પુરાવો આપી રહ્યો છે. આજે કેદારનાથ ધામ પણ વિકાસની નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. બુદ્ધ સર્કિટ વિકસાવીને, ભારત ફરી એકવાર વિશ્વને બુદ્ધની તપોભૂમિ પર આમંત્રણ આપી રહ્યું છે. દેશમાં રામ સર્કિટના વિકાસ માટે પણ ઝડપી ગતિએ કામ ચાલી રહ્યું છે અને અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ પણ આગામી થોડા અઠવાડિયામાં પૂર્ણ થવા જઈ રહ્યું છે.

કાશી વિશ્વનાથ ધામ ભારતની અવિનાશી કીર્તિની ગાથા ગાઈ રહ્યું છે. સોમનાથથી શરૂ થયેલું અભિયાન કાશી વિશ્વનાથ અને મહાકાલ સુધી ચાલુ છે. સંતોના સાનિધ્યમાં કાશીના લોકોએ સાથે મળીને વિકાસ અને નવીનતાના ઘણા નવા રેકોર્ડ બનાવ્યા છે. કાશીના કાયાકલ્પ માટે સરકાર, સમાજ અને સંતો બધા સાથે મળીને કામ કરી રહ્યા છે. આજે સ્વર્વેદ મંદિરની પૂર્ણાહુતિ એ આ દિવ્ય પ્રેરણાનું ઉદાહરણ છે. આ મહાન મંદિર મહર્ષિ સદાફલ દેવ જીની શિક્ષા અને ઉપદેશોનું પ્રતિક છે.

મોદીએ કહ્યું કે આ મંદિરની દિવ્યતા આપણને જેટલી આકર્ષે છે એટલી જ તેની ભવ્યતા પણ આપણને આશ્ચર્યચકિત કરે છે. સ્વર્વેદ મંદિર એ ભારતની સામાજિક અને આધ્યાત્મિક શક્તિનું આધુનિક પ્રતીક છે. તેની દિવાલો પર સ્વર્વેદ સુંદર રીતે કોતરવામાં આવેલ છે. વેદ, ઉપનિષદ, રામાયણ, ગીતા અને મહાભારત વગેરે ગ્રંથોના દૈવી સંદેશાઓ પણ ચિત્રો દ્વારા દર્શાવવામાં આવ્યા છે. તેથી, આ મંદિર આધ્યાત્મિકતા, ઈતિહાસ અને સંસ્કૃતિનું જીવંત ઉદાહરણ છે.

તેમણે કહ્યું હતું કે ભારત એક એવું રાષ્ટ્ર છે જે સદીઓથી વિશ્વ માટે આર્થિક સમૃદ્ધિ અને ભૌતિક વિકાસનું ઉદાહરણ રહ્યું છે. અમે પ્રગતિના દાખલા બનાવ્યા છે અને સમૃદ્ધિના માપદંડો નક્કી કર્યા છે. ભારતે ક્યારેય ભૌતિક પ્રગતિને ભૌગોલિક વિસ્તરણ અને શોષણનું માધ્યમ બનવા દીધું નથી. અમે ભૌતિક પ્રગતિ માટે આધ્યાત્મિક અને માનવીય પ્રતીકો પણ બનાવ્યાં છે. અમે કાશી જેવા ગતિશીલ સાંસ્કૃતિક કેન્દ્રોથી આશીર્વાદ પામ્યા.એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વિશ્વના સૌથી મોટા ધ્યાન કેન્દ્રોમાંથી એક છે. મંદિરમાં ભગવાન નહીં હોય, યોગાભ્યાસ થશે. સ્વરવેદ સંપ્રદાય પણ આજે તેની ૧૦૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યો છે. પીએમ સ્વર્વેદ સંપ્રદાયના અનુયાયીઓને સંબોધિત કરશે જેઓ દેશભરમાંથી અહીં આવ્યા છે. પીએમ સ્વરવેદ સાથે ભાવનાત્મક લગાવ ધરાવે છે. તેઓ ૨૦૨૧માં પણ અહીં આવ્યા હતા. પીએમના માતા હીરાબેન પણ વિહંગમ યોગ સંત સમાજના અનુયાયી હતા.

## ભારતમાં ડ્રાઈવરલેસ કાર નહીં આવે, ડ્રાઈવરોની નોકરીને લઈને ગડકરીએ ચિંતા વ્યક્ત કરી

તા. ૧૮

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે, ડ્રાઈવરોની રોજગારીની ચિંતાને ધ્યાનમાં રાખી તેમની રક્ષા માટે ભારતમાં ડ્રાઈવરલેસ કારો નહીં આવે. એક રિપોર્ટમાં ગડકરીએ કહ્યું કે, ×હું ક્યારેય પણ ડ્રાઈવરલેસ કારોને ભારતમાં લાવવા માટે મંજુરી નહી આપું, કારણ કે તેનાથી કેટલાય ડ્રાઈવરોની નોકરી જતી રહેશે, એટલે હું એવુ નહી થવા દઉ. × નાગપુરમાં યોજાયેલ જીરો માઈલ સંવાદ દરમ્યાન દેશમાં માર્ગ સુરક્ષા સંબંધી ચિંતાઓ પર સંબોધન કરતાં ગડકરીએ કહ્યું કે, દુર્ઘટનાઓ ઓછી કરવા માટે સરકારી ઉપાયો માટે ફ્રેમવર્ક તૈયાર કર્યુ છે, જેમાં કારોમાં છ એરબેગ સામેલ કરવી, માર્ગ પર બ્લેક સ્પોટને ઓછા કરવા અને ઈલેક્ટ્રિક મોટર્સ અધિનિયમ દ્વારા દંડ વધારવા વગેરે પ્રક્રિયા સમાવેશ થાય છે.



ટેસ્લા ઈન્કને ભારતમાં આવવાના સવાલ પર ગડકરીએ કહ્યું કે, સરકાર ભારતમાં અમેરિકી વાહન ઉત્પાદકોના સ્વાગત માટે તૈયાર છે, પરંતુ ભારતમાં વેચાણ માટે ચીનમાં ઉત્પાદનને સ્વીકાર કરવામાં નહી આવે. આ સિવાય તેમણે હાઈડ્રોજન ઈંધણ પર તેમનો વિચાર રજુ કર્યો હતો. જેમા તેમણે કહ્યુ કે, સરકાર પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો લાવવા માટે એડવાન્સ ટેક્નોલોજીને અપનાવવા માટે પ્રતિબદ્ધ છે. હાઈડ્રોજનને ભવિષ્યનું ઈંધણ બતાવતા તેમણે કહ્યુ કે, અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સર્વોત્તમ ટેક્નોલોજી લાવવાની દિશામાં કામ કરી રહ્યા છીએ.

## વડોદરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડએ લાભાર્થીઓને મકાનોની ફાળવણી નહી કરતા હોબાળો

વડોદરા,તા.૧૮

ગુજરાત હાઉસિંગ બોર્ડએ મકાનો બાંધ્યા પરંતુ લાભાર્થીઓને મકાનની ફાળવણી નહી કરતા આજે લાભાર્થીઓએ ગુજરાત હાઉસિંગ બોર્ડની કચેરી ખાતે મોરચો કાઢી રજૂઆત કરી હતી ગુજરાત હાઉસિંગ બોર્ડની સ્વામી વિવેકાનંદ હાઇટ્સ-૩ના લાભાર્થીઓને આજ દિન સુધી મકાનની ફાળવણી નહીં થતા ગુજરાત હાઉસિંગ બોર્ડની ઈલોરાપાર્ક સ્થિત ઓફિસે એકત્ર થયેલા લાભાર્થીઓએ પ્લે કાર્ડ દર્શાવીને તંત્ર સામે ભારે સૂત્રોચાર કરી આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદ હાઇટ્સ ત્રણના લાભાર્થીઓએ ગુજરાત હાઉસિંગ બોર્ડની આવાસ યોજના હેઠળ આવાસ માટે અરજીઓ કરી હતી. આ તમામ લાભાર્થીઓએ આ અંગે જરૂરી નાણા અને દસ્તાવેજો પણ સુપ્રત કર્યા હતા. વડોદરા સ્થિત ગુજરાત હાઉસિંગ બોર્ડની કચેરી દ્વારા લાભાર્થીઓને એક વર્ષ અગાઉ ૨૦૨૨ મકાનોની ફાળવણી કરવાની હતી. મકાનો તૈયાર હોવા છતાં લાભાર્થીઓને આવાસની ફાળવણી હજી સુધી કરવામાં આવી નથી. આ અંગે લાભાર્થીઓએ ગુજરાત હાઉસિંગ બોર્ડની કચેરીના અધિકારીને વારંવાર રજૂઆતો કરી હોવા છતાં પણ કોઈ પરિણામ આવ્યું નથી

## અધીર રંજન ચૌધરી સહિત અનેક વિપક્ષી નેતાઓ સામે મોટી કાર્યવાહી, લોકસભાના આખા સત્રમાંથી સસ્પેન્ડ

નવી દિલ્હી, તા.૧૮

હાલ સંસદનું શિયાળું સત્ર ચાલી રહ્યું છે, જોકે સંસદમાં તાજેતરમાં જ સુરક્ષામાં થયેલી ચૂક મામલે આજે ફરી હોબાળો મચ્યો છે. આ મામલે વિપક્ષો સતત પોતાની માંગને વળગી રહેતા લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો મચ્યો છે, જેના કારણે લોકસભા અધ્યક્ષ ઓમ બીરલાએ કોંગ્રેસ નેતા અંધીર રંજન ચૌધરી (છઙ્ઘરૈ ઈઙ્ઘહદ્ઘઙ્ઘહ ઝર્ઙ્ઘરેઅિ) સહિત ૩૩ સાંસદોને લોકસભાના આખા સત્રમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. અધીર રંજન ચૌધરી ઉપરાંત કે.સુરેશ, તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જી, સૌગત રોય, પ્રતિમા મંડલ, ઙ્ઘસ્ઙ્ઘના એ.રાજા અને ઈજીંના એન.કે.પ્રેમચંદ્રન સહિત ઘણા સભ્યોને ગૃહની બાકીના સત્ર માટે સસ્પેન્ડ કરાયા છે. આ સાથે જ લોકસભાની કાર્યવાહી પણ આવતીકાલ સુધી સ્થગિત કરી દેવાઈ છે.આજે લોકસભામાં



કાર્યવાહી શરૂ થયા બાદ વિપક્ષે ફરી સરકારને ઘેરવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા. વિપક્ષો ૧૩ ડિસેમ્બરે સંસદની સુરક્ષામાં થયેલી ચુક મામલે સતત વિરોધ કરી રહ્યા છે. આજે પણ આ મામલે વિપક્ષોએ ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરી રહ્યા હતા અને લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો મચાવ્યો હતો, જેના કારણે લોકસભા અધ્યક્ષે આજે ૩૩ સાંસદોને સસ્પેન્ડ કરી દીધા છે. સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ સાંસદોને સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો, જેને ધ્વનિમતથી મંજૂર કરાયા બાદ લોકસભા અધ્યક્ષે આ નિર્ણય કર્યો છે. અગાઉ વિપક્ષના કુલ ૧૪ સાંસદોને સસ્પેન્ડ કરાયા હતા.

## સુરત શિક્ષણ સમિતિનું ૩૭૦ કરોડનું બજેટ પણ... બંધ પડેલા નાગરિક સુવિધા કેન્દ્રમાં ચાલી રહી છે એક શાળા

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું ૩૭૦ કરોડ જેટલું બજેટ હોવા છતાં સમિતિની એક શાળા બંધ પડેલા નાગરિક સુવિધા કેન્દ્રમાં ચાલી રહી છે. પાલિકાએ લિંબાયત વિસ્તારમાં વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૧ માં બે શાળાનું ડિમોલીશન કર્યું કરી દીધું હતું પરંતુ ત્યારબાદ નવી શાળા નહી બનતા હાલમાં બે હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ બેન્ચીસ વિના અભ્યાસ કરવા માટે મજબુર બની રહ્યા છે. ૨૦૧૭ અને ૨૦૧૨૧માં ડિમોલીશન થયું હતું તે શાળા ત્વરિત બને તે માટેની માંગણી પાલિકા અને સરકાર સામે કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં છેલ્લા ઘણા વખતથી શિક્ષકોની ઘટની ફરિયાદનો અંત આવતો નથી. આટલું જ નહી પરંતુ સરકારી યોજના હેઠળ શિક્ષકોની ભરતી થઈ છે તે શિક્ષકો વધુ લાયકાત વાળા હોય તેમાંથી ઘણા શિક્ષકોએ શિક્ષણ સમિતિમાં હાજર થયા નથી તો કેટલાક આવ્યા છે અને જેટલા કેટલાક હાજર થયા છે તેઓ પણ શિક્ષક લાંબો સમય શિક્ષક તરીકે ફરજ બજાવે તેવી શક્યતા ઘણી ઓછી છે તેના કારણે ફરીથી શિક્ષકોની ઘટની સમસ્યા .યથાવત જોવા મળી રહી છે.

## શ્રી બાગેશ્વર ધામ સરકારે વ્યાસપીઠ પરથી જૈનાચાર્ય લોકેશજીનું ઉત્તરી ધારણ કરીને સ્વાગત કર્યું.



પોતાની આગવી શૈલી માટે પ્રખ્યાત ભારતની રાજધાની દિલ્હીમાં શ્રી બાગેશ્વર ધામ સરકારનાં સી.બી.ડી ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય સિદ્ધાશ્રમ શક્તિ કેન્દ્રનાં સહયોગથી વિશ્વ શાંતિ અને સદભાવના માટેની ત્રણ દિવસીય કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના આરંભે દીપ પ્રગટાવવા પધારેલા જૈનાચાર્ય લોકેશજીને મળ્યા ત્યારે શ્રી બાગેશ્વર ધામ સરકાર આચાર્ય ધીરેન્દ્ર શાસ્ત્રીજીએ જૂના સંસ્મરણો તાજા કર્યા અને કહ્યું કે અમે અગાઉ પણ મળ્યા છીએ. જેના પર જૈનાચાર્ય લોકેશજી આશ્ચર્યવ્યક્ત કર્યુંઅને પૂછ્યું કે અમે ક્યારે મળ્યા? તેમણે જવાબ આપ્યો કે અમે અમદાવાદમાં દેવકીનંદન ઠાકુરજીની કથામાં મળ્યા હતા.તેમણે વ્યાસપીઠ પરથી ઉત્તરીય ધારણ કરીને આચાર્ય લોકેશજીનું સન્માન કર્યુંઅને તેમને શ્રી બાગેશ્વર ધામની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું. જૈનાચાર્ય લોકેશજીએ તેમની સ્મૃતિ શક્તિની પ્રશંસા કરી અને કહ્યું કે પ્રવચન/દરબારમાં દરરોજ હજારો અનેલાખોલોકોનેમળવા છતાં, તેમણે તે સભાને તેમની સ્મૃતિ પર અંકિત રાખ્યા.કથાનું ઉદ્‌ઘાટન મહામંડલેશ્વર મહંત રવીન્દ્ર પુરીજી, જૈનાચાર્ય લોકેશજી, લંડનનાં રાજરાજેશ્વર ગુરુજી અને જાણીતા કથાકાર ગૌરાંગી ગૌરીજી દ્વારા દીપ આરતી દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શ્રી બાગેશ્વર ધામ સરકારે ભક્તોથી ભરેલા દિલ્હીનાં સી.બી.ડી મેદાનમાંથી હિન્દુ રાષ્ટ્ર માટે ગર્જના કરી હતી. તેમની રસપ્રદ શૈલીમાં તેમણે યુવાનોને નૈતિક અને ચારિત્ર્ય શક્તિથી ભરપૂર અને રાષ્ટ્રને સમર્પિત થવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે મહામંડલેશ્વર મહંત રવીન્દ્ર પુરીજી, જૈનાચાર્ય લોકેશજી અને આયોજક સનાતન ધર્મ ભૂષણ શ્રી રાજ રાજેશ્વર ગુરુજીએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

## નીતીશ કુમારને પીએમ પદના ઉમેદવાર જાહેર કરવા જાઇએ, જદયુના ધારાસભ્યની માંગ

પટણા,તા.૧૮

×મુખ્યમંત્રી નીતિશ કુમાર સિવાય કોઈ વિકલ્પ નથી. ભારત ગઠબંધનને જીત અપાવી શકે તેવો બીજો કોઈ ચહેરો નથી. તેથી આવતીકાલની બેઠકમાં મુખ્યમંત્રી નીતિશ કુમારને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવા જોઈએ.×- આ પ્રતિક્રિયા કે માંગણી છે. સામાન્ય માણસની. ત્યાં નથી. મુખ્યમંત્રી નીતિશ કુમારના જનતા દળ (યુનાઈટેડ)ના ધારાસભ્ય રિંકુ સિંહે દિલ્હીમાં યોજાનારી ઈન્ડી એલાયન્સની બેઠક પહેલા આ માંગણી કરી છે. સીએમ નીતિશ કુમાર સોમવારે સાંજે ૪ વાગે દિલ્હી જવા રવાના થઈ રહ્યા છે. આ બેઠક માટે લાલુ પ્રસાદ દિલ્હી જવા રવાના થઈ ગયા છે. આ દરમિયાન જદયુ ધારાસભ્યએ વીડિયો મેસેજ દ્વારા આ માંગ કરી છે.ધારાસભ્ય રિંકુ સિંહ (વાલ્મિકીનગર વિધાનસભા) એ સીએમ નીતિશ કુમારને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે હવે યોગ્ય સમય છે. તેથી નીતિશ કુમારને ઈન્ડિયા એલાયન્સને ઉમેદવાર બનાવવો પડશે. આ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જેડીયુ ધારાસભ્યના આ નિવેદનની ભારત ગઠબંધનની બેઠક પર કેટલી અસર પડશે તે તો સમય જ કહેશે.

વિધાનસભ્ય રિંકુ સિંહે કહ્યું કે જો ૨૦૨૪માં ઈન્ડિયા એલાયન્સને હરાવવાનું હોય તો દેશમાં આ પદ માટે નીતિશ કુમારથી વધુ સારો ઉમેદવાર કોઈ બીજો ચહેરો નથી.

તંત્રી લેખ......

# સદનમાં હોબાળો

સંસદની સુરક્ષામાં ગાબડાં જેવી જ દુઃખદ બાબત છે આ મામલે બંને સદનોમાં અતિશય હોબાળો કરવો. લોકસભામાં તો એટલો હોબાળો કરવામાં આવ્યો કે ૧૪ વિપક્ષી સાંસદોને બરતરફ કરી દેવાયા. લોકસભામાં બરતરફ કરાયેલા સાંસદોમાં કોંગ્રેસના નવ, માકપા અને દ્રમુકના બે-બે અને ભાકપાના એક સાંસદ સામેલ છે. રાજ્યસભામાં તૃણમૂલ કોંગ્રેસના ડેરેક ઓ બ્રાયનને બરતરફ કરાયા છે. એ વાત સ્પષ્ટ છે કે લોકસભાની સુરક્ષામાં ચૂક બાદથી વિપક્ષને સરકારને ઘેરવાનો મોકો મળી ગયો છે. વિપક્ષ આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રીના નિવેદનની માંગ કરી રહ્યો છે અને સાથે જ ભાજપના એ સાંસદની બરતરફીની પણ માંગ થઈ રહી છે જેના પાસ પર આરોપીઓને દર્શક લોબીમાં પ્રવેશ મળ્યો હતો. વિપક્ષની માંગ પર સરકાર અવશ્ય વિચાર કરી રહી હશે, પરંતુ વિપક્ષી સાંસદોએ સરકાર પાસે જવાબ માંગતાં સંયમનો પરિચય આપવો જોઈએ. જોકે તેમની આક્રમકતા ચૂંટણીઓને ધ્યાનમાં રાખતાં સહેજ પણ ચકિત નથી કરતી.

સંસદની સુરક્ષામાં ચૂક એક સંવેદનશીલ બાબત છે અને ગનીમત છે કે સાંસદોને કોઈ પ્રકારનું નુક્સાન નથી પહોંચ્યું. સંસદના લગભગ આઠ કર્મચારીઓને લાપરવાહી રાખવા માટે બરતરફ કરવામાં આવ્યા અને સરકાર નિશ્ચિતરૂપે એવા ઉપાય કરવામાં પડી હશે જેથી આવી નોબત ફરી ન આવે. વિપક્ષી સાંસદ પણ પોતાની સુરક્ષા માટે ચિંતિત છે અને તે પૂરતી સચ્ચાઈ જાણવા માંગશે. સંસદમાં સરકાર પાસે જવાબ માગવાની એક પરંપરા રહી છે અને વહેલા-મોડા સરકાર એના પર જવાબ આપે પણ છે. હાલમાં તપાસ એજન્સીઓ દરેક તથ્યોની ભાળ મેળવી રહી છે. આ આખા કાવતરા પાછળ કોણ છે તે સરકારે જાણવું જ પડશે. શું માત્ર બેરોજગારી અને મણિપુર, બે એવા મુદ્દા છે, જેને કારણે દોષીતોએ આટલું દુસ્સાહસ કર્યું? ચિંતાની વાત એ પણ છે કે આ કાંડ માટે તેમણે ૧૩ ડિસેમ્બરનો જ દિવસ પસંદ કર્યો? એવું નથી કે સરકાર દ્વારા જવાબ નથી અપાઈ રહ્યો, પરંતુ એક મંત્રી વિશેષ પાસેથી જવાબ માગવો અને જવાબ ન મળતાં આસનની અવમાનના કરવી એ હવે વિપક્ષોની આદત બની ગઈ છે, જે યોગ્ય નથી. શું મંત્રીસ્તરીય જવાબ માટે થોડો સમય આપવો વધુ યોગ્ય ન કહેવાય? સદનમાં વ્યવહાર સાંસદોના વિવેક પર નિર્ભર કરે છે. હવે આ લોકસભાના કાર્યકાળમાં છ મહિના પણ નથી બચ્યા, શિયાળો ખતમ થતાં જ તમામ સાંસદ ચૂંટણી ક્ષેત્રોમાં ચાલ્યા જશે, તેથી હોબાળો અને જવાબી કાર્યવાહી ટાળવી આસાન નથી. આખા પ્રકરણમાં સાંસદોએ સર્વાધિક સચેત રહેવાની જરૂર છે. કોઈ પરિચય વિના ગમે તેને દર્શક લોબીનો પાસ આપવો ભારે પડી શકે છે. એ નિંદનીય છે કે કોઈ સાંસદ પોતાના લોગઇન પાસવર્ડ ગમે તેને આપી દે છે, તો કોઈ સાંસદના નામે કોઈ આટલો મહત્ત્વનો પાસ આપી દે છે.

# “ભવિષ્યમાં પક્ષને પ્રચંડ પરાજયના પંથે અગ્રેસર કરવા માટે કાર્યકરો જાનની બાજી લગાવશે!!!”

મહેરબાની કરી શાંતિ રાખો.ભાઈઓ અને બહેનો આજની કારોબારીનો એજન્ડા ગુપ્ત છે. કેમ કે, એ ગુપ્ત મતદાન જેમ ગોપનીય છે. જુઓ મચ્છી માર્કેટ જેવું વાતાવરણ ના કરો, પ્લીલીઈઈઝ !! સામેના પક્ષના વાડામાંથી શાખામૃગની ( આ નવું હરણ લાયા હો! એક શિંગડાવાળું, શિંગડા વગરનું હરણ સાંભળેલું . રામાયણમાં સોનાના હરણની વાત આવે છે. જે વાસ્તવમાં માયાવી મરીચ હતો.,ઘરવાળીઓ પણ સોનેરી મૃગ જેવી માયાવી હોય છે!! શાખામૃગ એટલે વાનર . !!!) તમારે ત્યાં શિસ્તની માને પ હોય છે. આપણે કડર બેઈઝડ ડિસિપ્લિન્ડ પાર્ટી છીએ( ટિકિટ માટે મારામારી કેમ થાય છે? ટિકિટ ન મળનાર બળવો કેમ કરે છે? બીજા પક્ષનો ભંગાર કેમ લઈએ છીએ?? આપણો પણ કબાડી બજાર છે?? આટલું બધું પાછળથી કોણ મનમાં બોલે છે?? સાહેબ કેવળ મનની વાત કરતા નથી , તમારા મનનું સ્કેનિંગ કરીને તમારા મનસુબા પણ પકડી પાડે છે!!તમને ટિકિટ ન મળી એટલે ભડાશ કેમ કાઢો છો? તમારે યંગ જનરેશને જૂની ખડુસ અને ડામીસ પેઢીના નેતા માટે હલાલ થવાનું છે!! એમને તો ગામે ગામ સમારંભ યોજી સોક્રેટીસ સૂચિમાં -માર્ગદર્શક મંડળમાં ધામધૂમથી સામેલ કરવાના છે. ખબરદાર કોઈ માર્ગદર્શન કે સલાહ દોડી ગયા છો! તમારી ખેર રહેશે નહીં. એમની અહર્નિશ ફરજિયાત આરામમહે સ્થિતિમાં ખલેલ પાડવાની નથી. એમના જન્મદિવસે સાહેબ શુભેચ્છા પાઠવી તેના જખ્મો લીલાછમ કરશે. તમારે બર્થડે ટ્વિટ, રિટ્વિટ કરવાની નથી!!

હવે અંડાગંડા, ગંડાગંડા અને હથકંડા કારોબારીમાં આવી પહોંચવામાં છે. સાહેબને કોઈ નમે તે ગમતું નથી પણ ચરણકમળમાં આલ્સેશિયન ડોગની જેમ લોટપોટ થાય તે ખૂબ જ ગમે છે!! અત્યારના મંત્રી સાંસદો લોટપોટ થઈ પ્રગતિને પામ્યા છે. કળિયુગમાં ભક્તિનો સર્વોત્તમ પ્રકાર ચરણમાં સાષ્ટાંગ દંડવત કરવાને ગણવામાં આવે છે! ફેંસલો તમારે કરવાનો છે!! આગળ વધવું કે પાછળ ધકેલાવું!!તમારું ગળું બેસી જાય સાહેબનો તેટલો પ્રચંડ જયઘોષ કરવાનો છે. ભૂલથી પણ જયહિન્દ બોલવાનું નથી. એ સ્લોગન ટુકડેટુકડે કડકીબટકી પરિવારવાદીઓનું છે!!

આપણા સાહેબોની પાર્ટીમાં આલાકમાન તરીકે ઓળખાતી સમિતિમાં બસો પચાસ ઉપરાંત સભ્યો છે!!જેના કરતાં માત્ર ત્રણ રાજ્યોની વિધાનસભાની બેઠકો વધુ છે .વડીલોના ગૃહ તરીકે ઓળખાતી રાજ્યસભામાં પણ તેના કરતાં ઓછી સીટો છે. આ સમિતિ ના સભ્યો કરે છે શું? આ જમ્બો સમિતિની શું જરૂર? ઝાઝા રસોઈયા રસોઈ બગાડે કે નહીં?? આવી સમિતિની બેઠકો ઈન હાઉસ એટલે ખાનગી રાહે મળે. બેઠકમાં ચા-પાણી કે ચાના એંઠા કપ- રકાબી કે નાસ્તાની ડીશો લાવવા જવા માટે સેવકોની અન્ટ્રી પ્રતિબંધિત હોય છે. બેઠક શરૂ થાય તે પહેલાં મીડિયાને વિઝયુલ લેવા માટે મિનિટ-બે મિનિટ પ્રવેશવાની છૂટ હોય. બાકી બધું અભેદ કિલ્લા જેવું રહસ્યમય અને ગોપનીય હોય છે.અનુમાન લગાવવાની છૂટ છે!!!

ધીરે ધીરે સભ્યો નાના જૂથમાં બેઠક સ્થળે આવે છે. પરંપરાગત કફની - લેંઘા, ઝભ્ભા-ધોતિયાધારી તમામ વયજૂથના પુરૂષોએ કફની કે ઝભ્ભા પર કોટિ પહેરેલી છે સાડી કે પંજાબી સુટમાં બહેનો આવી રહી છે. સભાના ઉદઘોષક સાહેબ બેઠક સ્થળે આવવા નીકળી (કયાંથી નીકળ્યા એ કહેતો નથી) ચૂક્યા છે થોડી જ વારમાં સાહેબ આવી પહોંચશે. ડેલીગેટસ આર હંમ્બલી ( વાસ્તવમાં ફોર્સફૂલ્લી) રીકવેસ્ટેડ ટુ ઓકયુપાય યોર સીટસ.આવી પાંચેક વાર સૂચના આપી. તેની કોઈ અસર નહીં.

કારોબારી સભ્યોએ શું કરવાનું તેની પણ યાદી અહીં પ્રસ્તુત છે

મોટા સાહેબ સિકયોરિટીના રસાલા સાથે આવે છે. સાહેબ જે કાંઈ બોલે તેને મનનીય (એને જખ મારીને મનનીય કહેવું જ પડે- એ આ સમિતિના સભ્યોની મુખ્ય અને પાયાની અનિવાર્ય ફરજ છે) ગણવું સંસ્થાકીય સ્વાયત્તા છે!! કોઈ શક?? પેક યોર બેગ્સ એન્ડ ગો ટુ હેલ આઈમીન પાકિસ્તાન!

મોટા સાહેબ બેઠક સ્થળે આવે એટલે પ્રચંડ ગગનભેદી સૂત્રોચ્ચાર કરવાની બીજી ફરજ. જેથી પક્ષના છદ્મ, આંતરિક વિરોધ કે બીજા વિરોધ પક્ષના હાજા ગગડી જાય. આ બીજી ફરજ.

એજન્ડા વગરની બેઠક કે બેઠક વગરના એજન્ડા અંગે બબાલ કરવી નહીં. આ ત્રીજી ફરજ.

સૂર્યમુખીનું ફૂલ સૂરજ જેમ ફરે તેમ તેની દીશા બદલે તેમ તન-મન-ધન મોટા સાહેબ તરફ રાખવું. આ ચોથી ફરજ.

સહેલાં કે અઘરા તમામ પ્રકારના પ્રશ્નમાં જે તે કક્ષાએ નિર્ણય લેવાના બદલે નિર્ણય લેવાની સતા સાહેબને સોંપવાનો અનાસક્ત નિર્ણય લેવો.આ પાંચમી ફરજ.

બેઠકમાં સાહેબ જે નિર્ણય કરે તેને સમર્થન આપવું. સાહેબ જે નિર્ણય ન કરે તેને પણ સમર્થન આપવું. આ છઠી ફરજ.

બેઠકમાં હાજર રહેલાની યાદીમાં નામ સામે સહી કરવી, નામ લખેલ ન હોય તો બખાળો કર્યા સિવાય હોહો કર્યા વિના ચૂપચાપ જાતે નામ લખી સહી કરવી. સહી કરવા માટે પેન ન હોય તો રજીસ્ટરમાં દોરાથી બાંધેલ પેનથી સહી કરી પછી આદત સે મજબુર બની તમામ પારકી વસ્તુ ઘરભેગી કરવાની એઝ યુઝવલ આદત મુજબ પેન ગજવામાં ન ઘાલવી.કેમ કે, હોલમાં સીસીટીવી ઉપરાંત સાહેબના ચાડિયા હાજર હોય જ છે તે યાદ રાખવુ.આ સાતમી ફરજ.

બેઠકમાં આવતા નાસ્તા અને અન્ય પેયને ખટપટ કર્યા સિવાય ન્યાય આપવો. ડીશમાં વધેલ નાસ્તો પાર્સલ પેક કરવા દુરાગ્રહ ન રાખવો. આઈસ્ક્રીમની ડંડી સાહેબના દેખતા કયારેય ચાટવી નહીં , નહીંતર સાહેબ તમને ધૂળ ચાટતા કરી દેશે.આ આઠમી ફરજ.

પદ રહેવું એ મૂળ જરૂરિયાત છે. દેશની સમસ્યા કે બીજા મુદે બિનજરૂરી કે જરૂરી આકરી પ્રતિક્રિયા ઈન્સ્ટા, ટ્વીટર,ફેસબુક,ટેલિગ્રામ કે કોઈ પ્લેટફોર્મ પર કરવી નહીં નહીંતર ઘડોલાડવો થઈ જશે પછી મારો શો વાંક ગુનો જેવી રેકર્ડ લગાડવી પડશે!! આંખો મીચીને સાહેબની પોસ્ટ રીટવીટ કરવી, બધાને શેર કરવી , સાહેબના શૈશવમા પ્રેરણાત્મક પ્રસંગો પર લેખ લખવા.આ નવમી ફરજ.

ફરજની આ યાદી ટોકન છે!!

સાહેબ આવ્યા .અંડાગડા, ગંડાહંડા હથકંડા ખુરશીમાં ગોઠવાયા. સાહેબને હારતોરા થયા. ફોટા પડયા. એનાઉન્સરે સાહેબકથા સંપૂર્ણ ભક્તિભાવથી કહી. સાહેબ સિવાય બીજા કોણે મનનીય, પ્રસંશનીય, પ્રેરક, વિચારોતેજક પ્રવચન કરવાનું હોય? એમ, તો ઘણા થનગનભૂષણ, માઈકદૂષણ ઉછળતા હોય!! પણ શિસ્તનો કોરડો ક્યારેય સ્નેહાળ હોતો નથી!!

“ કાર્યકર મારા દિલમાં વસે છે( અદાણી, અંબાણી, માલ્સા ફાલ્યા દિલ કી ગલી છોડીને પતલી ગલીમાં જતા રહ્યા છે!) મને વિશ્વાસ થતો નથી. આ મતદારો પ જવાદો!! આપણે તેને પગની જૂતી ગણ્યા ,ટેકસના બોજથી તેની કમર વળી ગઈ તૂટેલા રોડ સાથે ભગ્ન સ્વપ્નો ( એના પર પણ અઠાવીસ ટકા જીએસટી ઠપકારી દીધો!!)સાથે જીવતા રહ્યા. તેમને શેરડીના સંચે પીલીને તેનું લોહી ઉધ્યોગપતિને પીવડાતા રહ્યા !! પણ આ અબુધ, ભોળિયો,ચવાણું, બાટલી કે સાડીની લાલચમાં આપણા પર ચોકડી મારતા રહ્યા અને આપણે પ્રચંડતમ બહુમતીથી જીત્યા. આમાં આપણા રણનીતિ,લઘુમતી -બહુમતીને પારસ્પરિક લડાવવાની નીતિ,વિકાસનો વાયરો, મારો ચહેરો ,ચૂંટણી ઢંઢેરો, નાણા કોથળાબધું જ ફેઈલ હતું. મતદારોએ કરેલી ભૂલ અંગે આપણે આત્મમંથન કરવાનું છે.આપણી કયાં ભૂલ થઈ કે આપણને આટલી મોટી સજા મળી!!આપણે આપણી ખામીઓ ઉજાગ કરવામાં આજથી જ લાગી જવાનું છે! આપણે પરાજય પ્રતિ ગતિ, પ્રગતિ, અધોગતિ કરવા આજથી જ કામે લાગી જવાનું છે.”કારોબારીએ એક લીટીનો ઠરાવ કર્યો કે ચૂંટણીમાં મળેલી જીત એ વિદેશી કાવતરું છે, જનતાનો ચુકાદો અનપેક્ષિત છે. કારમી હારની તમન્ના હતી. ભવિષ્યમાં પક્ષને પ્રચંડ પરાજયના પંથે અગ્રેસર કરવા માટે કાર્યકરો જાનની બાજી લગાવશે!!!ભારત માતાકી જય. વંદે માતરમ!! ભરત વૈષ્ણવ

( એએક હાસ્યલેખ છે. હાસ્ય નિષ્પન્ન કરવાનો આશય છે. મહેરબાની કરી બંધબેસતી પાઘડી પહેરવી નહીં)

# એમસીએક્સ પર કોટન-ખાંડી વાયદાના ભાવમાં રૂ.૭૬૦ની નરમાઈ: મેન્થા તેલ પણ ઢીલું

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૭,૩૪૧.૯૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૫૦૫.૭૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૯,૮૩૦.૭૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૧૯૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૨૨૬ અને નીચામાં રૂ.૬૧,૯૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૦ ઘટી રૂ.૬૨,૦૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે સોનાનો એપ્રિલ વાયદો રૂ.૬૨,૬૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૬૨,૬૦૦ અને નીચામાં રૂ.૬૨,૩૪૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૪ ઘટી રૂ.૬૨,૪૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૭ ઘટી રૂ.૫૦,૦૪૩ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૭ ઘટી રૂ.૬,૦૯૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૩ ઘટી રૂ.૬૧,૮૮૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૪,૫૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૭૮૦ અને નીચામાં રૂ.૭૪,૨૮૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૫ વધી રૂ.૭૪,૫૫૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ચાંદીનો મે વાયદો રૂ.૧૬ સુધરી રૂ.૭૫,૬૪૨ બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૯ ઘટી રૂ.૭૪,૫૩૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૪ ઘટી રૂ.૭૪,૫૧૮ બોલાઈ રહ્યો હતો.

ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિષ ત્રિવેદી

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે તાંબુ ડિસેમ્બર વાયદો રૂ.૭૨૭.૪૦ના ભાવે ખૂલી, રૂ.૨.૪૦ ઘટી રૂ.૭૨૩.૨૫, જ્યારે એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૫ વધી રૂ.૨૦૪.૨૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૧૮૪.૫૦ના ભાવ થયા હતા. જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૨૧૮.૬૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૧૯૬, સીસુ-મિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ વધી રૂ.૧૮૪.૨૦, જસત-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧.૪૫ વધી રૂ.૨૧૮.૬૦ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૩૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૮૯ અને નીચામાં રૂ.૫,૮૩૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯ વધી રૂ.૫,૯૭૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૩ વધી રૂ.૫,૯૬૨ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૨ના ભાવે ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૪૦ વધી રૂ.૨૦૪.૩૦ અને નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૫.૬૦ વધી ૨૦૪.૪૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૪૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૫૦૦ અને નીચામાં રૂ.૫૫,૯૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૬૦ ઘટી રૂ.૫૫,૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં રૂ.૧,૫૦૧.૯૦ કરોડનાં ૨,૪૨૦ લોટ્સ, ગોલ્ડ-ગિનીમાં રૂ.૩.૭૭ કરોડનાં ૭૫૧ લોટ્સ, ગોલ્ડ-પેટલમાં રૂ.૫.૪૦ કરોડનાં ૮,૮૧૩ લોટ્સ, સોનું-મિનીમાં રૂ.૩૨૬.૪૦ કરોડનાં ૫,૨૭૦ લોટ્સ અને ચાદીના વાયદાઓમાં રૂ.૧,૧૬૦.૯૮ કરોડનાં ૫,૧૮૯ લોટ્સ, ચાંદી-મિનીમાં રૂ.૫૭૦.૩૨ કરોડનાં ૧૫,૨૭૧ લોટ્સ અને ચાંદી-માઈક્રોમાં રૂ.૪૧૭.૧૩ કરોડનાં ૫૫,૮૮૫ લોટ્સના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૬૮૧.૨૮ કરોડનાં ૧૧,૩૭૩ લોટ્સ અને ક્રૂડ તેલ-મિનીમાં રૂ.૧૧૪.૨૮ કરોડનાં ૧૯,૦૫૦ લોટ્સ તથા નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૦૯૫.૪૪ કરોડનાં ૪૩,૨૪૩ લોટ્સ અને નેચરલ ગેસ-મિનીમાં રૂ.૮૭.૫૧ કરોડનાં ૧૭,૩૩૪ લોટ્સનાં કામ થયાં હતાં. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૮૫ કરોડનાં ૧૮ લોટ્સ અને મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૧.૬૯ કરોડનાં ૩૪૨ લોટ્સનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વાયદાઓમાં ૧૬,૦૩૧ લોટ્સ, ગોલ્ડ-ગિનીમાં ૪,૧૭૩ લોટ્સ, ગોલ્ડ-પેટલમાં ૫૧,૨૧૩ લોટ્સ, સોનું-મિનીમાં ૧૭,૧૩૦ લોટ્સ અને ચાંદીના વાયદાઓમાં ૧૮,૪૯૬ લોટ્સ, ચાંદી-મિનીમાં ૪૩,૧૨૨ લોટ્સ, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯,૮૭૦ લોટ્સ, ક્રૂડ તેલ-મિનીમાં ૨૬,૬૯૭ લોટ્સ તથા નેચરલ ગેસના વાયદાઓમાં ૫૯,૧૭૩ લોટ્સ, નેચરલ ગેસ-મિનીમાં ૩૯,૯૯૩ લોટ્સ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૭૪ લોટ્સ અને મેન્થા તેલના વાયદાઓમાં ૧,૩૭૮ લોટ્સના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૬.૫૩ કરોડનાં ૮૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૨૩૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૦૮૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૮૫ અને નીચામાં ૧૫,૯૭૨ બોલાઈ, ૮૨ પોઈન્ટ વધી ૧૫,૯૪૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું જાન્યુઆરી રૂ.૬૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૫૦ અને નીચામાં રૂ.૧૨૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯.૫૦ વધી રૂ.૧૪૦ બોલાઈ રહ્યો હતો, આ કોન્ટ્રેક્ટમાં રૂ.૭૧.૬૫ કરોડનાં ૧૧૦ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૫૨૯ લોટ્સના સ્તરે રહ્યો હતો. આ સામે સોનું જાન્યુઆરી રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૫૬.૫૦ અને નીચામાં રૂ.૩૦૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૪ ઘટી રૂ.૩૧૬.૫૦ બોલાઈ રહ્યો હતો, આ કોન્ટ્રેક્ટમાં રૂ.૧૪૦.૫૬ કરોડનાં ૨૩૩ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૩૯૮ લોટ્સના સ્તરે રહ્યો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૦૦ના ભાવે ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૦.૫૦ ઘટી રૂ.૧,૩૩૫ થયો હતો. આ કોન્ટ્રેક્ટમાં રૂ.૪૧.૭૨ કરોડનાં ૧૮૨ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૬૦૭ લોટ્સના સ્તરે હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૬૨૪ના ભાવે ખૂલી, રૂ.૧૫૦.૫૦ વધી રૂ.૨,૭૦૮ થયો હતો. આ કોન્ટ્રેક્ટમાં રૂ.૧૨૦.૯૧ કરોડનાં ૫૩૩ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૩૭૩ લોટ્સના સ્તરે હતો.

# દેશી કુળની ગાયનાં ગૌમુત્રનું વૈજ્ઞાનિક, તબીબી મૂલ્ય



ગાયનાં દૂધનું જેટલું મહત્વ છે તેટલું જ ગૌમૂત્રનું પણ મહત્વ છે. પ્રાચીનકાળથી જ હિન્દુ ધર્મમાં ગાયને માતા કહેવામાં આવે છે. ગાયનું દૂધ, તેનું ઘી, તેનું છાણ વગેરે વસ્તુઓ આપણા શરીરને સ્વસ્થ રાખે છે, એટલું જ નહીં પરંતુ ગાયનું ગૌમૂત્ર પણ આપણા સ્વાસ્થ્ય માટે એટલું જ લાભદાયી છે. ગાયનું મૂત્ર આપણને રોગમુક્ત બનાવે છે. આપણા દેશમાં ગાયો ઘણા બધા પ્રકારની જોવા મળે છે, પરંતુ દેશી ગાયનું ગૌમૂત્ર શ્રેષ્ઠ હોય છે. તેના મૂત્રમાં વધારે માત્રામાં ઔષધીય ગુણો જોવા મળે છે.પ્રાચીનકાળથી જ ગૌમૂત્રનો ઉપયોગ એક ઔષધી તરીકે કરવામાં આવે છે. ગૌમૂત્ર જીવાણુનાશક હોય છે અને તેમાં નાઈટ્રોજન, કોપર, ફોસ્ફેટ, પોટેશિયમ અને યુરિક એસિડ જેવા મહત્વનાં અનેક ઘટકો રહેલા હોય છે. જે ઘણા રોગોને દૂર કરી આપણું શરીર સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. નિયમિત રીતે ગૌમૂત્રનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને લોહી શુદ્ધ થાય છે. તે મગજ અને હૃદય બંનેને શક્તિશાળી બનાવે છે. જો કે ક્યારેય ગર્ભવતી હોય તેવી મહિલાએ ગાયનું મૂત્ર પીવું ન જોઈએ.આ ઉપરાંત એક સ્વસ્થ વ્યક્તિ એ ૪૫ ગ્રામ, તેમજ બીમાર વ્યક્તિએ ૧૦૦ ગ્રામ ગૌમુત્રનું સેવન કરવું. તેનાથી વધારે સેવન કરવું નહીં. જો વધુ સેવન કરો તો શરીરને નુકસાન પણ થઈ શકે છે.

ગાયનું ગૌમૂત્ર હંમેશા કાચ અથવા માટીના વાસણમાં જ લેવું જોઈએ ત્યારબાદ તેને સ્વચ્છ કપડાંથી ત્રણવાર ગાળી લેવું અને એક કપના ચોથા ભાગ જેટલા ગૌમૂત્રનો સેવન સવારે ખાલી પેટ કરવું જોઈએ. કેન્સર કરક્યુમીન નામના તત્વની ઉણપથી થાય છે. આ તત્વ ગૌમૂત્રમાં ભરપુર માત્રામાં હોય છે. તેથી તે ગળાનું, પેટનું તથા અન્નનળીનું કેન્સર મટાડવામાં મદદ કરે છે. ટી.બી.નાં દર્દી માટે પણ ગૌમૂત્ર લાભદાયી છે. જો કોઈ વ્યક્તિને ટીબી હોય તો ગૌમૂત્રનાં ડોઝ દ્વારા નવ મહિનામાં ટીબી ખતમ થઈ જાય છે. જ્યારે ગૌમૂત્રનાં નિયમિત સેવનથી તેને ત્રણ થી છ મહિનામાં દૂર કરી શકાય છે. આપણા શરીરમાં સલ્ફર તત્વની ઉણપથી આપણને ત્વચા સંબંધી અલગ અલગ રોગો થતા હોય છે. જો ગૌમૂત્રનું નિયમિત સેવન કરવામાં આવે તો ત્વચા સંબંધી કોઈપણ રોગ દૂર કરી શકાય છે. આ ઉપરાંત ત્રિફળા અને ગૌમૂત્રનું એકસાથે સેવન કરવાથી એનિમિયાની સમસ્યાને દૂર કરી શકાય છે. આ ઉપરાંત વાત, પિત્ત અને કફ ત્રણેય નિયંત્રિત કરવા માટે માત્ર એક ગૌમૂત્ર જ કાફી છે. નિયમિત પણે ખાલી પેટ ગૌમૂત્ર નું સેવન કરવાથી વાત, પિત્ત અને કફ આ ત્રણેય સમસ્યાઓનું નિવારણ લાવી શકાય છે. ગૌમૂત્રનો સૌથી મોટો ફાયદો એ છે કે તે શરીરની વધારાની ચરબીને ઓગાળી નાખે છે અને આપણને સ્લીમ તથા સુંદર બનાવવામાં પણ મદદરૂપ થાય છે. તે માટે ચારથી પાંચ ટીપાં ગૌમૂત્ર લેવું. તેમાં બે ચમચી મધ અને એક ચમચી લીંબુનો રસ ઉમેરવું અને મિક્સ કરીને તેનું નિયમિત રીતે સવારે ખાલી પેટે સેવન કરવું. તેનાથી પેટ ઘટે છે અને શરીરની ચરબી પણ ઘટાડે છે.

# પાંચાણી ફાઉન્ડેશનના યોગેશ પાંચાણી (પટેલ)ની ભાજપ વ્યાપાર સેલ (રાજકોટનાં પ્રમુખ) તરીકે વરણી કરાઈ

સૌરાષ્ટ્રના જાણીતા યુવા ઉદ્યોગપતિ અને અનેકવિધ સેવાકીય સંસ્થાઓ શ્રીજી ગૌશાળા, એનીમલ હેલ્પલાઈન, સદભાવના વૃધ્ધાશ્રમ, ગુફેશ્વર મહાદેવ ગૌશાળા, અસ્મીતા ફાઉન્ડેશન, મેપ ગ્રુપ સહીતની સંસ્થાઓ સાથે તન, મન, ધનથી જોડાયેલા પાંચાણી ફાઉન્ડેશનનાં યોગેશભાઈ પાંચાણી (પટેલ) ની ભાજપ વ્યાપાર સેલ (રાજકોટના પ્રમુખ) તરીકે વરણી કરાઈ છે. બાલ્યાવસ્થાથી જ રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંસ્કારોથી સિંચીત યોગેશભાઈ કોટનના ઉદ્યોગપતિ છે. અત્યાર સુધીમાં ૧૦ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર અને તેના ઉછેરમાં નિમિત બનેલા દાનવીર યોગેશભાઈ ભારતીય જનતા પાર્ટીના અદના કાર્યકર્તા તરીકે પણ સેવા આપે છે. દરરોજ કિડીયારું પુરવુ, માછલીઓને લોટની ગોળી નાંખવી, ગાયોને ઘાસ નાંખવું, કબૂતરોને ચણ નાંખવુ સહિતની જીવદયા પ્રવૃતિઓ માટે અચુક પણે રોજના ૩ કલાક ફાળવતા યોગેશભાઈ કોરોનાની બિમારીને લઈને રાજકોટ શહેરની ભાગોળે બનાવવામાં આવેલા, સદભાવના વૃધ્ધાશ્રમ સંચાલીત હંગામી સ્મશાન (વાગુદળ)માં પણ પોતાના જાનના જોખમે અને ચેપનો ડર રાખ્યા વગર સતત હાજર રહેલા અને અનેકો મૃતદેહોની ગરીમાપૂર્ણ અંતિમવિધીમાં, સંચાલનમાં નિમીત બન્યા હતાં. યુ.એસ.એ.માં યોજાતા ‘ચાલો ગુજરાત‘—આયના સંસ્થાના એકઝીકયુટીવ કમિટીના સભ્ય તરીકે યોગેશભાઈ કાર્યરત છે. શબ્દોને લાગણીમાં ઝબોળી એક અનોખું ભાવજગત, સદભાવ જગત ખડું કરવાની તેમજ મિત્રો કમાવાની અને મિત્રતા સાચવવાની આવડત એ યોગેશ પાંચાણીના આગવા વ્યકિતત્વનું જમા પાસું છે. હાલમાં પણ પાંચાણી ફાઉન્ડેશનનાં યોગેશભાઈ પાંચાણી દ્વારા કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ગરીબો અને જરૂરીયાતમંદોને મદદ કરવા માટે ઘણી જ યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. તેમાંથી એક આયુષ્યમાન ભારત યોજના છે જે હવે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના—મુખ્યમંત્રી યોજના તરીકે ઓળખાય છે. આ યોજના દ્વારા આયુષ્યમાન કાર્ડ બનાવવામાં આવે, જેના દ્વારા જેની પાસે આયુષ્યમાન કાર્ડ હોય તેવી વ્યકિત પસંદગીની હોસ્પીલોમાં ૫ લાખ રૂપીયા સુધીની મફત સારવાર મેળવી શકે છે. ઘણી વખત દર્દીનારાયણ અને દરીદ્ નારાયણ પાસે આયુષ્યમાન કાર્ડની માહિતી નથી હોતી અથવા માહિતી હોય તો તેઓ કાર્ડ કાવવાની ફી ચૂકવી શકતા નથી આ માટે પાંચાણી ફાઉન્ડેશનના માધ્યમથી યોગેશભાઈ પાંચાણી દ્વારા ‘આયુષ્યમાન કાર્ડ‘ નિ:શુલ્ક કાઢી આપવામાં આવે છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







નામ - અલ્પા મહેતા
**Nog SS no 127**
વિષય - નસીબ
પ્રકાર - પદ્ય

એક પાંદડું ખસ્યું ને નસીબ જાગ્યું રેપ
એજ પાંદડા પર પડ્યું બીજું પાંદડું તો નસીબ ભાંગ્યું રેપ.

ખેલ ખેલ માં કંઈક ખેલ્યા ખેલ રેપ
સપના ઓ નાં મહેલ માં રજડ્યા બહુ રે
મળ્યું મનડાં નું માળિયું એના ટાંણે રેપ
ખસ્યું જ્યારે પાંદડું નસીબ નું અટાણે રેપ

એક પાંદડું ખસ્યું ને નસીબ જાગ્યું રેપ
એજ પાંદડા પર પડ્યું બીજું પાંદડું તો નસીબ ભાંગ્યું રેપ.

કોડ રુદીયા માં કેટકેટલા જાગ્યા રેપ
મંદિરો મસ્જીદ માં હાથ ફેલાવ્યા રેપ
કરણી જેવી હશે ,ભરણી પણ એવી હશે
બલિહારી એ કર્મો ની નસીબે વણાઈ રેપ

એક પાંદડું ખસ્યું ને નસીબ જાગ્યું રેપ
એજ પાંદડા પર પડ્યું બીજું પાંદડું તો નસીબ ભાંગ્યું રેપ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

નામઃ નેહા મયુર "રાધા"
**NOG SS No.177**
વિષયઃ નસીબ
પ્રકાર : પદ્ય
ક્યારેક તો મારો ઈશ્વર મને મળવા આવશે,
મારા પણ સુતેલા નસીબ જરૂર જાગશે...
મારા હરખાતા હૈયાને આંગણે,
કુમકુમ પગલા પાડવા એ જરૂર આવશે..
કરી છે તૈયારી એના આગમનની ઘણા શોખથી,
મારા દ્વારને પાવન કરવા એ જરૂર આવશે..
નથી કરવી કોઈ માંગણી બસ થઈ જાય એના દર્શન,
મારી આંખો ને દર્શનનો લ્હાવો આપવા એ જરૂર આવશે..
કેમ ના કરું અભિમાન મારા નસીબ ઉપર,
જયારે મારું નસીબ જગાડવા ખુદ મારો ઈશ્વર આવશે...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય : નસીબ
શીર્ષક : 'નસીબનું ચક્ર'
શબ્દો : ૩૩૨
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

નસીબ દરેક વ્યક્તિના જીવન સાથે સંકળાયેલું હોય છે. નસીબને કારણે જીવનમાં ઉભી થતી અલગ અલગ પરિસ્થિતિઓની જે તે વ્યક્તિ ઉપર અસર સારી કે ખરાબ હોય છે. આ સારી કે ખરાબ પરિસ્થિતિનું સર્જન નિયતિએ પહેલેથી નક્કી કરેલું હોય છે, જેનો અનુભવ માણસે કરવાનો રહે છે. સારી પરિસ્થિતિઓમાં માણસ? પોતાના નસીબ ઉપર ખુશ થઈ ગર્વ કરે છે, જયારે અણગમતી પરિસ્થિતિઓમાં માણસ પોતાના નસીબને કોસે છે. આમ નસીબ ન માત્ર વ્યક્તિ માટે સારી કે ખરાબ પરિસ્થિતિનું સર્જન કરે છે, પરંતુ માણસની પ્રસન્નતા અથવા નિરાશાનું કારણ બને છે. આ નસીબ ઉપર માણસનો કોઈ અંકુશ ખરો? આવો વિચાર આવે ખરો. પરંતુ જો એમ થાય તો વિધિ કે નિયતિની મહત્તાનો અંત આવી જાય. નસીબ અને તેની અસરોને આપણે સહુએ સ્વીકારવી જ રહી અને તે અનુસાર જીવન જીવવું રહ્યું. 'નસીબ આડેનું પાંદડું ખસી ગયું' એમ જયારે કહીએ છીએ ત્યારે એવું કહેવા માગીએ છીએ કે હમણાં સુધી તેને નસીબ યારી આપતું નહોતું, જે સમય બદલાતાં તેની તરફેણમાં દરેક કામ થાય છે જે નસીબ કરાવે છે. 'નસીબનો માર્યો' એમ કહીને એવું કહેવા માગીએ છીએ કે તે વ્યક્તિનો સમય સારો નથી કારણ કે નસીબ તેને સાથ આપતું નથી. આ બધાનો સુર એક જ નીકળે છે કે દરેક વ્યક્તિએ નસીબના ખેલને સ્વીકારવો જ પડે છે. ચાહે હસતાં કે કકળતા. નસીબની બાબતમાં ઉત્તમ માર્ગદર્શિકા એ છે કે નસીબના વહેણની સાથે તરો. નસીબ જે દિશામાં કામ કરતું હોય તેની સામે પડીને કામ કરવામાં હંમેશા નુકસાન જ થાય છે. સારા સમયને સુખેથી સ્વીકારી લો, ઈશ્વરનો આભાર માનો અને ખરાબ સમયને શાંતિપૂર્વક પસાર કરો, ઈશ્વરને કોઈ ફરિયાદ ન કરો. બંને પરિસ્થિતિમાં પોતાના વર્તનમાં સંતુલન જાળવી રાખો અને પોતાનું કર્તવ્ય શાંતચિત્તે કરતા જાઓ.

નસીબનું ચક્ર પણ ફરતું જ રહે છે. ક્યારેક સારા સમયનો સામનો કરાવે છે તો ક્યારેક વિપરીત સમયનો. કોઈનું નસીબ હંમેશા એક સરખું રહેતું નથી. માટે જ સારા નસીબવાળાએ સુખમાં છકી ન જવું અને ખરાબ નસીબવાળાએ દુઃખમાં ભાંગી ન પડવું. છેવટે તો આ નસીબ એટલે કે સમયનું ચક્ર ક્યારે બદલાશે તે કોઈ જાણતું નથી.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
? ૧૭ ડીસેમ્બર ૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

નામ : : હસમુખ બી . પટેલ
ચ એચ . બી . પટેલ્ “ હર્ષ “
**NOG SS NO : : 184**
વિષય : : નસીબ
પ્રકાર : : પદ્ય
:: નસીબ ‘ હર્ષ ‘ નું જિંદગી લખાવતી ! ::
જિંદગી ઓ જિંદગી , એક પળ ખુશ કરીને
તું હસાવતી
નસીબના આ તો ખેલ , પાસા પલટી નાંખીને તું રડાવતી
સંઘર્ષ બાદ જ્યારે જ્યારે સફળતા દેખાય હાથવેંતમાં
કાયમ નસીબ વચ્ચે આવે ,ગ્રહના ઈશારે ફરી તું હરાવતી

બહુ ચાહી જિંદગી તને તારા કરતાં પણ વધારે એકેએક પળે
આ કેવું શ્રેય ચાહતનું , કમનસીબ નસીબે રહી તું ઝુકાવતી
તારા અભાવને પ્રસાદી ગણીને હરહંમેશ આવકાર્યા
મજા પડી ગઈ તને તો મારી કથામાં , રહી
તું લડાવતી
ચાલ ખેલી નાખીએ અંતિમ બાજી આપણા બેના જંગમાં
મૃત્યુને પ્રેમ કર્યો છે મેં , નસીબ ‘હર્ષ‘ નું જિંદગી તું લખાવતી !
એચ બી પટેલ ચ હસમુખ બી પટેલ્
“ હર્ષ “
અમદાવાદ - નારદીપુર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

નામઃ તુષાર પંડયા ‘રૂદ્ર’
**NOG SS No.179**
વિષયઃ નસીબ
પ્રકાર : પદ્ય

થોડી દૂર તું,થોડો દૂર હું;
નસીબની રેખાઓથી થોડો મજબુર હું!

પાસે આવીને આ દૂરીઓને મીટાવી દે ને;
ગળે લગાવીને મને ખુદથી મળાવી દે ને!

આ સપનું છે કે હકીકત મને જણાવી દે ને;
પ્રેમથી માથે હાથ ફેરાવી મને જગાડી દે ને!

મૃત્યું સુધીનું જીવન તારી સાથે લખાવી દે ને;
જીવવા માંગુ છું,દરેક ક્ષણો તારી સાથે હું!

પણ શું કરું! થોડી દૂર તું,થોડો દૂર હુ!

-તુષાર પંડયા ‘રૂદ્ર’

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

નામઃ ઈશ્વરી ડૉક્ટર "ઈશ"
**NOG SS NO: :182**
વિષયઃ નસીબ
પ્રકારઃપદ્ય (ગઝલ)
શીર્ષકઃ છબી માતપિતાની
પ્રણયનાં પૂરને નાથે, શું નાથવું બાકી?
વિધાતા જે લખી નાંખે, શું માનવું બાકી?

દુઆ કબૂલ છે મારી, છતાં ફરી પાછી,
નસીબમાં નથી જો તું, શું યાચવું બાકી?
લખું છું કોનાં વિશે હું, નકામું પૂછે છે,
ગઝલમાં છાપ છે તારી, શું છાપવું બાકી?

ગરીબ માતા જલાવે, એ રક્ત છે અંતિમ,
જઠરને ઠારવા માટે, શું બાળવું બાકી?
ફકત ભવન હતું પણ એ હવે શિવાલય છે,
છબી છે માતપિતાની, શું ટાંગવું બાકી?

ઈશ્વરી ડૉક્ટર " ઈશ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

નામ : સુરમી બધેકા"કૌસુમી??"
**NOG SS no.181**
વિષય : નસીબ
પ્રકાર : પદ્ય
★ચોપડા લખે છે જે નસીબના
પાનું નસીબનું એમ જ ફેરવાતુ નથી
હોય જો નસીબમાં તોય બધું જ તો મળતુંય નથી
નસીબ છે તો મળશે જ, શું એને ખંતથી મેળવાતું નથી?
વાત નસીબની છે તો એની ચર્ચા ચારેકોરમાં છે
એની જ વાતો થાય છે બધે જેનુ નસીબ જોરમાંછે
વાતોના જોરથી કોઈનું નસીબ બદલાતું નથી
ક્યાંક તો લખતો હશે નસીબનો ચોપડો,
છે લખેલું બહુ નસીબમાં તોય વંચાતુ નથી,
કેટકેટલું હશે એના નસીબમાં પામવાનુ
એના હિસાબમાં જણાતું નથી
કહે કૌસુમી ?? બસ નસીબના ભરોસે નથી રહેવાનું,
કરેલા કર્મોનુ ક્યાંય એળે જાતું નથી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0092**
પ્રકારઃ- પદ્ય
વિષય :- નસીબ
શિર્ષકઃ- મહેનતનો મર્મ
માનવી સ્વભાવ, ખરાબ ઘટનાનો બોજ ના લહે ખુદ પર,
હંમેશા તૈયાર રહે દોષ કે બોજ ઢોળવા અન્ય પર.
આમાં નસીબ બિચારું હરદમ પિસાતું રહે,
વગર વાંકે દંડાતું ને ભંડાતું રહે.
મહેનત ને નસીબ છે એક સિક્કાની બે બાજુ,
કર્મવીર માણે મહેનત ને વિસ્તારે પોતાનું ગજું.
નસીબ શબ્દ ના હોય એના શબ્દકોશમાં,
ઉમંગ, ઉત્સાહ ને ધૈર્યથી વધતો રહે પૂરજોશમાં.
નસીબ નબળાં માનવીનું હથિયાર છે,
હર પળે છટકવા જેને બહાનાઓ તૈયાર છે.
નિરાશા, હતાશા ને રોદણાં એને હર શ્વાસ છે,
મહેનતની દેવી ને બદલે ભાગ્યદેવીમાં વિશ્વાસ છે.
જ્યાં યુવાની હોય તન- મનમાં ને,
હોય દ્રઢ શ્રદ્ધા પોતાની જાત ને કુદરત ઉપર.
પથ્થરમાંથી પાટું મારી શોધી કાઢે સોનું,
ના બેસી રહે નસીબના આધાર પર.
વિવેકાનંદજી, બાપુ ને સરદાર પટેલના છીએ સંતાનો,
નસીબ કે ભાગ્યનો હોય ડર શાનો ?
કાલ્પનિક શબ્દોની ચમકથી નહિ ભરમાઈએ,
અમે જ ઘડીશું જીવન, મહેનત ને વિધાતા માનો.

અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:173**
વિષય -"નસીબ "
શીર્ષક -" નસીબ ની કરામત"

કોઈ એ સાચું જ કહ્યું છે કે
'જિંદગી મળવી એ નસીબ ની વાત છે,
મૃત્યુ મળવું એ સમય ની વાત છે,
પણ મૃત્યુ પછી પણ કોઈ નાં હૃદય માં જીવતા રહેવું,
એ જિંદગી માં કરેલા કર્મ ની વાત છેપ!'

એવી માન્યતા છે કે દરેક માણસ પોતાનું નસીબ લઈને આવે છે. સંસ્કૃતમાં કહ્યું છે કે:
ભાગ્ય પ્રમાણે ફળ મળે છે. માણસ ગમે એટલો ઉદ્યમી કે બુદ્ધિશાળી હોય તો તેનાથી કાંઈ ફરક પડતો નથી.એમ પણ કહેવામાં આવે છે કે 'હાથમાંથી કોઈ લઈ જશે, નસીબમાંથી કોઈ નહીં લઈ જાય'.
"હું નસીબમાં ખૂબ વિશ્વાસ રાખું છું, અને મને લાગે છે કે હું જેટલું સખત કામ કરું છું, તેટલું વધુ મારી પાસે છે.'' ૨ થોમસ જેફરસન.
મતલબ ફક્ત નસીબ પર બધું છોડી મહેનત કર્યા વિના ક્યારેય લક્ષ્યો સુધી પહોંચી શકાય નહીં.તેથી જ કહેવાયું છે કે
" પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે "
આપણે દૈવ એટલે કે નસીબમાં માનવાવાળી પ્રજા છીએ જેનો પડઘો આ કહેવતમાં પડે છે. મેં ઘણી વાર અનુભવ્યું છે અને માન્યું છે કે સખત મહેનત અને દ્રઢતા દ્વારા આપણે આપણા ભાગ્યને આપણી રુચિ પ્રમાણે આકાર આપી શકીએ છીએ.પરંતુ આજના સંદર્ભમાં તે કેટલું વ્યવહારુ છે તે બાબતની તપાસ થવી જોઈએ.
રવીન્દ્રનાથ ટાગોર નસીબ ને મહત્ત્વપૂર્ણ માને છે,પણ સાથે તેઓ પ્રભુ સાથે નાં આત્મિક સંબંધને પણ મહત્વ આપે છે. ટાગોર ને માટે, નસીબ એક નિર્ણયાત્મક શક્તિ નથી, પરંતુ એકાગ્રતા અને આત્મવિશ્વાસના માધ્યમથી મળે છે.
પ્રારબ્ધ અને પુરુષાર્થ એ સફળતાની બે ચાવી છે. મહેનત અને દ્રઢતાથી આપણે આપણા ભાગ્યને ઘડી શકીએ છીએ.
નસીબ કરતાં મહેનત ચડિયાતી છે. કારણકે, સારૂં નસીબ કદાચ બધાંને પ્રાપ્ય નથી હોતું. મહેનત બધાં કરી શકે છે; જો ઈચ્છાશક્તિ હોય તો, જો દાનત હોય તો. ર્ડ્ઢ રીર્દ્ગંજ ર્રજીર્ુર રીર્દ્ગં રીદ્બજીદ્ગંદ્દીજ. સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય.
- ડૉ દક્ષા જોશી 'નિર્ઝરા', અમદાવાદ, ગુજરાત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. : 0141***
★વિષય : "નસીબ"★
★શીર્ષક : "ઉદ્દેશીને એને.....:"★
★શબ્દો : ૧૨૮★
★લેખક નું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"

★ઉદ્દેશીને એને.....:★
===============

★સહેજ રવ,★
★ને અણસાર કોઈ;★
★કાનમાં આવે!★

★ગુંજન ઉઠે!★
★ધરવ થાય નહિ;★
★ભણકાર જ્યાં!★

★તારી હાજરી;★
★વર્તાય કે ન, જાતે;★
★પૂરી દઈશ!★

★ભલે અદ્રશ્ય!★
★શ્વાસે શ્વાસે શ્વસે; "તે"★
★મઘમઘતી!★

★ઊંડાણ માપી,★
★શકું? ગજું, એટલું!★
★ક્યાંથી લાવવું!★

★માર્યો ધુબાકો;★
★જા! ડૂબાડવો જ હો,★
★એય કરી લે!★

★સહારો તારો;★
★કરે સક્ષમ! પીઠ;★
★થાપી, થપાવી!★

★થયો આંધળો;★
★હવે? દુનિયા જોઉં;★
★તારી નજરે!★

★મારી ચોમેર;★
★સદા ધડકે! યાદ;★
★રહું પ્રસન્ન!★

★માગશરનો,★
★મહા થશે! તમારી;★
★હા! ક્યારે હશે?★

★ઊંચાઈ તારી;★
★વધારે ના જઈશ;★
★હારું હિંમત!★

★એ અનાયાસે!★
★કે પછી જાણી જોઈ!★
★હેરાન કરે!★

★ભારે હ્રદયે;★
★છુટ્ટા પડવું, વળી;★
★થવું, તરસ્યાં!★

★"નસીબ" વાંકા;★
★હાજરી પરખાય,★
★ને ના; દર્શન!★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.NO:- 0088**
વિષયઃ- નસીબ
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- નીતિ યુદ્ધ
લેખિકા નામઃ- ડૉ. મનીષા વ્યાસ
જીવનમાં દુઃખથી સ્વઃરક્ષા કાજ;
ખેંચી હશે લક્ષ્મણરેખા અતૂટ.

નસીબ નામની પળ આવી સહસા;
રચી માયા કરશે ભ્રમિત સઘળું,

લોભ પ્રલોભનોનો કપટી રાવણ,
ચળાવી ચિત્ત ને કરવા હરણ.

થઈ ચિત્તભ્રમ ભરીને એક ડગલું,
એને લાંઘશે અચળ મનની સીતા..

મેળવવા પાછી કુળધર્મની લાજને,
બની યોદ્ધા રઘુપતિએ લડવું પડશે.

અધર્મ અનીતિ ને અભિમાનના મોરચે;
યુગો પર્યંત રામના હાથે રાવણ હણાશે..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

નામઃ ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'
**NOG SS 168**
પ્રકાર : પદ્ય
વિષયઃ નસીબ
શીર્ષકઃ કર્મ નો સિદ્ધાંત
હું જ મારા નસીબ નો વિધાતા છું
સારા નરસા એ જ મારા કર્મના નસીબ છે

પાપ પુણ્ય વેદના આનંદ કર્મનું નસીબ છે વિધાતાએ ઘડીને મોકલ્યા છે નસીબ ઘડવા

જેવો ઘડીશું એવું મેળવી શું એ જ નસીબ છે
નસીબ ઘડાઈને આવતું નથી ઘડવું પડે છે

સુખ દુઃખની વેદના નસીબ પર આધાર નથી
આધાર છે નસીબ કર્મના સિદ્ધાંત પર

કર્મનો સિદ્ધાંત કોઈને છોડતું નથી
કારણ કર્મ કરનાર આપણે પોતે છીએ

કર્મના સિદ્ધાંતને યાદ રાખજો
એકવાર શ્રીમદ ભગવત ગીતા જરૂર વાંચજો
મનુષ્ય થી માનવ બનવા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 140**
વિષયઃ નસીબ
પ્રકારઃ હાઈકુ
શીર્ષકઃ કર્મ? કર પલટ ભાગ્ય
લેખકઃ હેમા ત્રિવેદી
અમદાવાદ

કહાની જુદી
ભાગ્યની બલિહારી
દુઃખી કે સુખી

લેખ વિધીના
પુરૂ કે સિકંદર
મિથ્યા ના થાય

કર્મ કર તું
લખ્યા લેખ લલાટે
પલટ બાજી

શનિ પ્રબળ
કોઈ મિલમાલિક
યા ભંગારીયો

ભાગ્યને રડે?
કર્મ ઘડે ભાગ્યને
સત્કર્મ કર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0: 185**
પ્રકાર (પદ્ય કે ગદ્ય)
વિષય : નસીબ
શીર્ષક : નસીબ

(રચના)
નસીબ
હતી ફરિયાદ, જગતના પાલનહારને,
મહેનતના પગલે કેમ કારમી હાર મળી,

સમય વહેતો ગયો, ઉંમર વહેતી ચાલી,
થપાટોના મારથી, હું સહજ ઘડાતો ગયો,

આંખો ખુલીને, સ્વને નિહાળતો ગયો,
પડદો ઉઠતો ગયો ને, સમજ વધતી ચાલી,

નસીબથી વધારે, સમયથી પહેલા કોઈને,
ક્યાંય કદી મળતું જોયું છે તમે સંસારપંથે,

કર્મની ગાથામાં જ,સંઘર્ષ પથરાયેલ છે જ,
શ્રદ્ધાને કેળવી, નસીબે કર્મ કરતો જા તું.
-દિલીપ સી. સોની.

### કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ડાંગ જિલ્લામાં કરોડોનો ભષ્ટ્રાચાર

# ડાંગમાં ગરીબ લાભાર્થીઓ પાસેથી ઓડિટનાં નામે હપ્તાદીઠ રૂ.૧૫૦૦ ની લુંટ




## તાલુકા પંચાયતનાં કર્મચારી કે ગામનાં સરપચ આવાસનાં લાભર્થીઓ પાસેથી હપ્તા માંથી રૂપિયાં ખંખેરી રહયાં છે

આહવા.

ડાંગ જિલ્લો સંપુર્ણ આદિવાસી જિલ્લો છે અહિંનાં લોકો સદીઓથી કાંચા ધાસ નાં તેમજ નળિયાનાં વાળા ઝુંપડાઓમાં રહેતાં આવ્યાં છે વાવાઝોડા-તોફાનો માં આ કાંચા ઝુંપડા મકાનોને મોટાપાયે નુકશાની થાય છે તેમજ ડાંગનો આદિવાસી બંધુ પણ પાકા મકાન માં રહે તેવા આશ્રયએ દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના અમલ માં મુકી છે જેમાં ગામડાઓમાં ત્રણ હપ્તાપેટે આવાસનાં લાભાર્થીને કુલ-૧.૬૦.૦૦૦ રૂપિયા આપવામાં આવે છે પ્રધાનમંત્રી આવાસ યોજનાં હેઠળ ડાંગ જિલ્લામાં વર્ષ-૨૦૨૨-૨૦૨૩ માં કુલ-૩૯૦૮ આવાસ મંજુર કરવામાં આવ્યાં હતાં જેમાં સુબીર તાલુકા માં ૯૬૪ આવાસ,આહવા તાલુકામાં ૨૦૫૧ આવાસ અને વધઈ તાલુકા માં ૮૯૩ આવાસ મંજુર થયાં હતાં જે આવાસ નાં પ્રથમ હપ્તા કુલ-૩૮૯૧ આવાસ લાભાર્થીઓને રૂ.૧૧૬૭૩૦૦૦૦ ચુકવવામાં આવ્યાં છે બીજા હપ્તાનાં ૨૫૭૯ આવાસનાં લાભાર્થીઓને રૂ.૨૦૬૩૨૦૦૦૦ ચુકવાયાં છે જયારે ત્રીજા હપ્તાં કુલ-૪૪૯ લાભાર્થીઓને કુલ-રૂ.૪૪૯૦૦૦૦ ચુકવવામાં આવ્યાં છે

પ્રધાનમંત્રી આવાસ હેઠળ ડાંગ જિલ્લામાં વર્ષ-૨૦૨૨-૨૦૨૩ માં કુલ-૩૯૦૮ આવાસ મંજુર કરવામાં આવ્યાં હતાં જેમાં સુબીર તાલુકા માં ૯૬૪ આવાસ,આહવા તાલુકામાં ૨૦૫૧ આવાસ અને વધઈ તાલુકા માં ૮૯૩ આવાસ મંજુર થયાં હતાં જે આવાસ નાં પ્રથમ હપ્તા કુલ-૩૮૯૧ આવાસ લાભાર્થી છે બીજા હપ્તાનાં ૨૫૭૯ આવાસનાં લાભાર્થીઓ છે અને ત્રીજા હપ્તાં કુલ-૪૪૯ લાભાર્થીઓ છે વર્ષ-૨૦૨૨-૨૦૨૩ માં પહેલો,બીજો અને ત્રીજો હપ્તો મળી કુલ-૬૯૧૯ હપ્તાની સંખ્યા થાય છે જેમાં ડાંગ જિલ્લાનાં આહવા,વધઈ અને સુબીર તાલુકામાં હપ્તાદીઠ રૂ.૧૫૦૦ લેવામાં આવે છે તો કુલ-૬૯૧૯ હપ્તા તથા રૂ.૧૫૦૦ હપ્તાદીઠ લેવામાં આવે તો તેનો આંકડો રૂ.૧૦,૩૭,૮૫૦૦ ગણવામાં આવે તો પ્રધાનમંત્રી આવાસનાં ડાંગ જિલ્લાના લાભાર્થી પાસેથી લુંટાયેલો આંકડો કરોડોને આબી જાય છે

કેન્દ્રની મોદી સરકારનો ઊમદા હેતું છે જેમનું કાચું છે તથા ધર વિહોણાને પાંકુ સુરક્ષિત આવાસ મળે તે માટે પ્રધાનમંત્રી યોજના હેઠળ લાભાર્થીદીઠ લાખો રૂપિયા ફાળવી પાંકુ આવાસ ફાળવવામાં આવે છે પરંતુ ડાંગ જિલ્લાનાં ભષ્ટ્ર રાજકારણીઓ અને તેમની સાથે એજ થાળી માં બેસી જમતાં ભષ્ટ્ર અધિકારીઓ આવાસ મંજુર થવાથી લઈ આવાસનું બાધકામ પુર્ણ થાય ત્રીજા હપ્તા સુધી હપ્તાદીઠ લોહી ચુંસે છે ડાંગ જિલ્લા વિકાસ અધિકાર અને ગ્રામ વિકાસ નિયામક આવા ભષ્ટ્ર અધિકારી અને કર્મચારી સામે સખત પગલાં ભરે તે જરૂરી છે

# ચાણસ્મા ના પલાસર ગામથી ખનીજ ચોરી કરી રહેલા બે ટ્રેક્ટર ઝડપાયા



ગુજરાત રાજયમાં જાણે ભૂમાફિયાઓને મોકળુ મેદાન મળી રહ્યું હોય તેમ દિન પ્રતિદિન કોઈ પણ પ્રકારના ડર વિના ખનીજ ચોરી કરી રહ્યા છે ત્યારે વધુ એક ખનીજ ચોરીનો બનાવ ચાણસ્મા તાલુકાના પલાસર ગામે બનવા પામ્યો હતો જેમાં ખનીજ ચોરી કરી રહેલા બે ટ્રેક્ટર ચાલકોને ગામ લોકો દ્વારા ઝડપીને પાટણ ખાણ ખનીજ વિભાગને જાણ કરાતા ઘટના સ્થળે ખાણ ખનીજ વિભાગની ટીમ પહોંચીને દંડ ફટકાર્યો હતો

સ્થળ પરથી મળતી વિગતો મુજબ ચાણસ્મા તાલુકાના પલાસર ગામે આવેલ નદીના પટમાંથી વહેલી સવારે ધીણોજ ગામના ટ્રેક્ટર ચાલકો કિશન કુમાર વિષ્ણુભાઈ વણઝારા ટ્રેક્ટર નંબર જી.જે ૦૯ બી ૮૫૪૨ તથા પ્રવીણ કુમાર સરદારજી વણઝારા ટ્રેક્ટર નંબર જીજે ૨૪ એએ ૪૮૯૬ વાળાઓ પોતાના ટેકટરો માટીથી ભરી રહ્યા હતા તે દરમિયાન ગામ લોકોને જાણ થતા ગામ લોકો દ્વારા તુરંત જ સ્થળ પર પહોંચીને ટેકટરો જપ્ત કરીને પાટણ ખાણ ખનીજ વિભાગ ને જાણ કરાતા પાટણ ખાણ ખનીજ વિભાગની ટીમ તરત જ સ્થળ પર પહોંચી હતી તેમજ ઝડપાયેલ બંને ટ્રેક્ટર માંથી ત્રણ ત્રણ ટન જેટલી માટી ભરેલ હોય રૂપિયા ૮૦,૦૦૦ નો દંડ સ્થળ પર જ આપવામાં આવ્યો હતો. બંને ટ્રેક્ટર ચાલકોને ઝડપ્યા હોવાની વાત પ્રસરતા ખનીજ ચોરોમા

**ચાણસ્મા પંથકમાં ખનીજો ચોરો થયા બેફામ**

**બંને ટ્રેક્ટર ચાલકોને ખનીજ વિભાગ દ્વારા રૂપિયા ૮૦ હજારનો દંડ ફટકાર્યો**

ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો

સૂત્રોના જણાવ્યા મુજબ ધીણોજ તેમજ પલાસણ ગામે આવેલ નદીમાંથી દિનપ્રતિદિન આજુબાજુ ગામોના ટ્રેક્ટર તાલુકો દ્વારા મોટા પાયે ખનીજ ચોરી કરતા હોવાનું જણાવ્યું હતું ત્યારે આવા ખનીજ ચોરો સામે પાટણ ખાણ ખનીજ વિભાગ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે

નિખિલ જોષીઃ પાટણ જિલ્લા બ્યુરોચીફ

### સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ ના ઉપક્રમે ગુજરાત આવેલ ભારતમાં યુગાન્ડાના એમ્બેસેડર અને

# ડેપ્યુટી હેડ ઓફ મિશન એમ્બ માગરિટ એલ ક્યોગિર દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સાથે સૌજન્ય મુલાકાત લેવામાં આવેલ જેમાં પ્રમુખશ્રી પરાગભાઇ તેજૂરા વિશેષ ઉપસ્થિત રહેલ

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ ના ઉપક્રમે ગુજરાત પધારેલ યુગાન્ડાના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લેવામાં આવેલ જેમાં યુગાન્ડાના ભારત સ્થિત એમ્બેસેડર અને ડેપ્યુટી હેડ ઓફ મિશન સુશ્રી એમ્બ માગરિટ એલ ક્યોગિર અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ ના પ્રમુખ શ્રી પરાગભાઇ તેજૂરા, શ્રી સુભાષભાઈ ગઢવી, શ્રી જીતુભાઇ હાથી, શ્રી મહેશભાઈ નગદીયા સહિતના હોદેદારો ઉપસ્થિત રહેલ.મિટિંગ ની શરૂઆતમાં સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ ના પ્રમુખ શ્રી પરાગભાઇ તેજૂરા દ્વારા પ્રતિનિધિમંડળ અંગે માહિતી આપવામાં આવેલ તથા સંસ્થા દ્વારા છેલ્લા ૧૦ વર્ષ થી ચાલતી આંતરરાષ્ટ્રીય વેપાર અંગે ની પ્રવૃતિઓ અંગે પણ માહિતી આપવામાં આવેલ. મુખ્ય મંત્રીશ્રી દ્વારા આગામી એસ.વી.યુ.એમ. ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા ના બ્રોચર ની પણ વિમોચન વિધિ કરવામાં આવેલ. મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સંસ્થાની પ્રવૃતિઓ ની સરાહના કરવામાં આવેલ.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભારત અને યુગાન્ડાના એક સદીથી વધુના ઐતિહાસિક સંબંધોના પરિણામે ડિફેન્સ, ઈકોનોમિક, ટ્રેડ એન્ડ કલ્ચર, એજ્યુકેશન તથા હેલ્થકેર અને ટુરીઝમના સંબંધોનો સેતુ મજબૂત બન્યો છે તેમ બેઠકની વાતચીતમાં જણાવ્યું હતું.તેમણે કહ્યું કે, ભારત-યુગાન્ડામાં ખાનગી ક્ષેત્રો



વચ્ચેના જોડાણથી યુગાન્ડામાં ભારતીય તથા ગુજરાતીઓના વ્યવસાયો વ્યાપક બન્યા છે.

યુગાન્ડાના રાજદૂતશ્રીએ તેમના રાષ્ટ્રમાં ઉદ્યોગ-વેપારને ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ફ્રીલેન્ડ, ટેક્ષ હોલી-ડે, ટેકનોલોજી ટ્રાન્સરફરમાં સરળતા જેવા જે વિશેષ પ્રોત્સાહનો અપાય છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી.આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, ગુજરાત અને ભારતના અનેક ઉદ્યોગ ગૃહોની યુગાન્ડામાં પ્રેઝન્સ છે. એટલું જ નહીં, આફ્રિકન દેશો સાથે ટ્રેડ એન્ડ કોમર્સ માટે યુગાન્ડા મહત્વપૂર્ણ લોકેશન પણ બન્યું છે.

તેમણે ગુજરાત સાથે મેન્યુફેક્ચરીગ, એગ્રીકલ્ચર, હેલ્થ કેર, કન્સ્ટ્રક્શન, એજ્યુકેશન તથા સ્કીલ ડેવલપમેન્ટ માટે વોકેશનલ અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ સેન્ટર જેવા સેક્ટર્સમાં સહભાગીતાની ઈચ્છા દર્શાવી હતી.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તેમને રાજ્ય સરકારના પ્રો-એક્ટિવ એપ્રોચ અને ઈન્ડસ્ટ્રીયલ ફ્રેન્ડલી પોલીસીઝની જાણકારી આપી હતી અને ભારત-ગુજરાત-યુગાન્ડાના સંબંધોને વધુ વ્યાપક બનાવવા વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪માં જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું.

તેમણે યુગાન્ડા દ્વારા ઉદ્યોગ-વેપારને અપાતા ઈન્સેપન્ટિવ્ઝ સહિતના ક્ષેત્રોના અભ્યાસ માટે ગુજરાતનું એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ આગામી વાઈબ્રન્ટન સમિટ પછી યુગાન્ડાની મુલાકાતે જાય તેવી નેમ પણ વ્યક્ત કરી હતીઆ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર તેમજ ઈન્ડેક્ષ-બી ના એમ.ડી. શ્રી ગૌરાંગ મકવાણા પણ જોડાયા હતા.



ગાંધીનગર નજીક આવેલ ધોળેશ્વર મહાદેવ ને આજ સોમવારે ફૂલની નયનરમ્ય રંગોળી કરવામાં આવી હતી શિવભક્તો પૌરાણિક મહાદેવ ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી- બિપિન નાયક અને મનહરસિંહ વાઘેલા

# બારશાખ રાજપૂત ક્ષાતિપંચ દ્વારા સ્નેહ મિલન સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



વાસણા મ્યુ.કોમ્યુનિટી હોલ ખાતે દર વર્ષ ની જેમ નવા વર્ષ નિમિતે બારશાખ રાજપૂત ક્ષાતિપંચ અમદાવાદ દ્વારા સ્નેહ સંમેલન. તેમજ ઈનામ વિતરણ. સન્માન સમારંભ યોજાયો તેમા તેજસ્વી વિધાર્થીઓ ને ઈનામ વિતરણ કરવા મા આવ્યુ આ પ્રસંગે રાજપૂત મહિલા વીગ દવારા સમાજ બાળકો .મહિલા ઓ એ તલવાર બાજી સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા મા આવ્યો હતો આ કાર્યક્રમ મા સમાજ ના પ્રમુખ સુરેશ ભાઈ મકવાણા તેમજ ના લોકો આગેવાનો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા

# ગૌસેવા ગતિવિધિ કર્ણાટક ઉત્તર પ્રાંત અને સ્વાવલંબી ભારત અભિયાન બિદર દ્વારા ડોકટરોની મીટીંગનું આયોજન

ગૌસેવા ગતિવિધિ કર્ણાટક ઉત્તર પ્રાંત અને સ્વાવલંબી ભારત અભિયાન બિદર દ્વારા ડોકટરોની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનમાં એનિમલ વેલફેર બોર્ડની રાષ્ટ્રીય પંચગવ્ય સંચાલન સમિતિ સભ્ય, ગાયનું છાણ અને ઉપયોગ સમિતિ, નીતિ આયોગનાં સભ્ય રાષ્ટ્રીય પશુ આયોગ, રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં ભૂતપૂર્વ સભ્ય સુનિલ માનસિંહકા દ્વારા પંચગવ્ય વિષય પર સેમિનાર લેવામાં આવશે.પંચગવ્યનું નિર્માણ ગાયનાં દૂધ, દહીં, ઘી, ગૌ મૂત્ર અને છાણનાં પ્રમાણસરના સંયોજન વડે કરવામાં આવે છે. પંચગવ્ય દ્વારા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારીને રોગોને દૂર કરી શકાય છે. દેશીગાયોનો ઉપયોગ પંચગવ્યનાં નિર્માણ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ ગાયોમાંથી મેળવેલા દ્રવ્યોમાં માનવજાત માટે જરૂરી બધાં જ તત્ત્વ પ્રાપ્ત થાય છે. એલોપથિક, હોમિયોપેથીક અને આયુર્વેદની જેમ જ પંચગવ્ય પણ એક શરીર સ્વસ્થ રાખવા તથા રોગોના ઈલાજ કરવાની એક પદ્ધતિ છે. પંચગવ્ય તથા અન્ય ગૌજન્ય વસ્તુઓનો ઉપયોગ આયુર્વેદમાં ઘણા રોગો જેવા કે પાચન સંબંધી રોગ, અસ્થિરોગ, ચર્મ-રોગ, મધુપ્રમેહ, અમ્લપિત્ત, શ્વેત કૃષ્ઠ, મૂત્રપિંડ સંબંધિત રોગો, શ્વાસ રોગ ઇત્યાદિને મટાડવામાં થાય છે.આ સેમીનાર ૧૯ ડિસેમ્બર, મંગળવારે સવારે ૧૦ કલાકે એન.કે. જબશેટ્ટી આયુર્વેદિક મેડિકલ કોલેજ સભાંગાના ગુંપા, બિદર-૫૮૫૪૦૩, કર્ણાટક ખાતે રાખવામાં આવ્યો છે. આ અંગે વધુ માહિતી માટે સી.બી.રેડ્ડી (મો. ૯૪૪૯૮૨૯૪૬૮), શ્રીકાંત મોદી (મો. ૯૬૦૬૫૬૧૪૭૫), સચ્ચિદાનંદ ચિદ્રે (મો. ૮૭૬૨૧૬૪૬૪૫) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### ‘મુંબઈ નજીક ગાઝાપટ્ટી ?’ આ વિષય પર વિશેષ સંવાદ !

# આજીવન કેદનો દંડ દીધેલા આતંકવાદીઓને કારાગૃહમાંથી ન છોડવાનો કડક કાયદો કરો ! - પ્રવીણ દીક્ષિત, માજી પોલીસ મહાસંચાલક

થાણા જિલ્લાના ભિવંડી તાલુકામાં પડઘા-બોરીવલી ગામમાં જઈને રાષ્?ટ્રીય અન્?વેષણ યંત્રણાએ કાર્યવાહી કરી. તેમાં ધરપકડ કરેલા સાકીબ નાચન અને તેના સહકારીઓને પાકિસ્?તાન, ઈરાક અને સીરિયા ઈત્?યાદિ દેશોમાંથી તેમને અર્થપુરવઠો અને સંકેત આપવામાં આવતા હતા, એવું અનુમાન હતું. પડઘા-બોરીવલી આ મુસલમાન બહુસંખ્?યક ગામમાં રાષ્?ટ્રીય અનવેષણ યંત્રણાના ૧૫ પોલીસ અધિકારી અને ૪૦૦ સ્?થાનિક પોલીસ જ્?યારે ગયા ત્?યારે તેઓ ધાડ નાખીને કાર્યવાહી કરી શક્યા. આ બાબતે જ્?યારે ચોક્કસ પુરાવા મળ્યા ત્?યારે જ આગળની કાર્યવાહી કરવામાં આવી. તેને કારણે ભવિષ્?યમાં સંભાવ્?ય આક્રમણો અથવા ખરાબ ઘટનાઓ ટાળવા માટે રાષ્?ટ્રીય અન્?વેષણ યંત્રણાને સફળતા મળી, એવું માનવું પડશે. વર્ષ ૨૦૦૨ના મુંબઈ બૉંબસ્?ફોટમાં દંડ ભોગવેલા આતંકવાદી સાકીબ નાચનને દંડ પૂર્ણ થાય, તે અગાઉ જ છોડી દેવામાં આવ્?યો. આજન્?મ કેદનો દંડ આપેલા આતંકવાદીઓને કારાગૃહમાંથી છોડી દેવાની પરવાનગી ન્?યાયમૂર્તિ અને સુરક્ષા યંત્રણાએ આપવી નહી, એવો કડક કાયદો ભારત સરકારે કરવો, એવી માગણી નિવૃત્ત પોલીસ મહાસંચાલક શ્રી. પ્રવીણ દીક્ષિતે કરી. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી ‘મુંબઈ નજીક ગાઝાપટ્ટી ?’ આ વિષય પર આયોજિત વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા. આ સમયે હિંદુ જનજાગૃતિ સમિતિના દિલ્?લી ખાતેના પ્રવક્તા શ્રી. નરેંદ્ર સુર્વે સાથે તેમણે સંવાદ સાધ્?ય કર્યો.

આ સમયે શ્રી. દીક્ષિતે ઉમેર્યું કે, ‘‘અમેરિકા જેવા દેશમાં આજન્?મ કેદ અથવા ૫૦ થી ૧૦૦ વર્ષ કારાગૃહનો દંડ સંભળાવેલા દોષીઓનો દંડ ઓછો કરતા નથી. જામીન, પેરોલ અથવા અન્?ય કારણોસર આતંકવાદીઓનો દંડ ઓછો કરવામાં આવે નહી; કારણકે તેઓ કારાગૃહમાંથી બહાર નીકળ્યા પછી ગેરકૃત્?યો જ કરવાના છે ! આતંકવાદીઓને ઉચ્?ચ સુરક્ષા રહેલા કારાગૃહમાં મૂકીને તેમને પૂર્ણ દંડ ભોગવવાની ફરજ પાડવી જોઈએ. અનેક મુસલમાન યુવકોનો ‘બ્રેનવૉશ’ કરવાથી તેઓ ભલે સુશિક્ષિત હોય, તો પણ તેઓ આતંકવાદી કાર્યવાહીઓમાં પરોવાયેલા જોવા મળે છે. ભિવંડી સહિત ભારતમાં ગમે ત્?યાં આતંકવાદી અથવા ભૂલભરેલી કૃતિઓ દેખાય તો નાગરિકોએ પોલીસ-પ્રશાસનને આગળની કાર્યવાહી કરવા માટે જાણકારી આપવી, એવું આવાહન શ્રી. દીક્ષિતે કર્યું.



‘વિશ્?વ હિંદુ પરિષદ’ના કલ્?યાણ વિભાગના મંત્રી શ્રી. મનોજ રાયચાએ કહ્યું કે, વર્ષ ૨૦૧૨માં સાકીબ નાચન જૂથે મારા પર પ્રાણઘાતક હુમલો કર્યો. તે સમયે નાચન જૂથે હિંદુત્?વનું કામ કરનારા ૩ પ્રમુખ લોકોની હત્?યા કરી. ભિવંડી તાલુકામાંના પડઘા-બોરીવલી ગામમાં ભારતની સ્?વતંત્રતાને ૭૫ વર્ષ પૂર્ણ થયા, તે નિમિત્તે સ્?વતંત્રતાસૈનિકો વિશે ફલક લગાડવાનો પણ ત્?યાંના કટ્ટર મુસલમાનોએ વિરોધ કર્યો. આ ગામને તેમણે ‘અલ્ શામ’ એવું ઈસ્?લામી નામ આપ્?યું છે. અહી ‘હમાસ’, ‘ઈસિસ’ના ધ્?વજ ફરકાવવામાં આવે છે. ભિવંડી તાલુકામાંના પડઘા-બોરીવલી અને નજીકનાં ગામોમાં ‘ઈસ્?લામિક સ્?ટેટ’ બનાવવા માટે શસ્?ત્રોનું પ્રશિક્ષણ આપવામાં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.